PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/કવા–૦૩/૧૭–૧૮/ 104 તા. 03-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઉત્સવ જીનીગ ફેકટરી,
–દેવ કરૂણા– ,નીલ કમલ પાર્ક સોસાયટી
બસ સ્ટેન્ડ પાછળ
તા. માણાવદર
જી: જુનાગઢ
મો: ૯૮૨૫૫ ૧૬૨૫૦

વિષય :–વીજ કને. ટ્રાન્સફર કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૬/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં–૧,માણાવદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૬/ક્વા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૯–૧૨–૧૭ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: ઉત્સવ જીનીગ ફેકટરી, ગામ: માણાવદર

રજુઆત કરનાર: અરજદાર શ્રી ભરતભાઈ કુરજીભાઈ કાચા રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં–૧,માણાવદર (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ર જુનાગઢ)

રજુઆત કરનાર :પી.પી.વોરા – ગ્રામ્ય વિભાગીય કચેરી નં ર જુનાગઢ

## : હુકમ :

**ફરીયાદ : વીજ કને. ટ્રાન્સફર કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ઉત્સ્વ જીનીગ ફેકટરી નામનુ ગ્રાહક નં.: ૩૫૫૦૧/૦૭૫૪૦/૭ નુ એલ.ટી.એમ.ડી ટેરીફ મુજબ નુ વીજજોડાણ – શ્રી ભરતભાઈ કાચા દ્વારા ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ના નામની ભાગીદારી પેઢી ના માલીકો ને વેચાણ કરાયેલ હોય, સદર વીજ જોડાણ ને – ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ના નામે નામ બદલી કરવા માટે તા.૨૨–૧૨–૧૭ ના રોજ અત્રે ની કચેરી એ અરજી કરેલ છે. વધુમા પીજીવીસીએલ તરફથી જણાવાયેલ છે કે – તેઓ ના સદર જોડાણ નુ મીટર તા.૦૮–૦૯–૧૦ ના રોજ જુનાગઢ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. જે ઈલેકટ્રોનીક સર્કીટ બાબતે – વીજચોરી નો કેઈસ હોય – પીજીવીસીએલ તરફથી ગ્રાહક શ્રી ને રૂ.૧૬,૮૨,૫૦૯/૧૧ નુ પુરવણી બીલ અપાયેલ હતુ. જે રકમ – માહે ની અમુક રકમ અરજદાર શ્રી એ વાંધા સાથે ભરપાઈ કરી અને પીજીવીસીએલ સામે – ૦૬/૨૦૧૪ થી દાવો દાખેલ કરેલ હતો. આમ, પીજીવીસીએલ ના લીગલ ઓપીનીયન મુજબ – પીજીવીસીએલ દ્વારા નામ બદલી કરવાની શરતીય મનાઈ કરવામા આવેલ છે. જે અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ – જીઈઆરસી ના સપ્લાય કોડ – ૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ અને ૪.૬૯ થી ૪.૭૨ ના નિયમો ની વિરૂધ્ધ હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, તેઓનુ ઉત્સ્વ જીનીગ ફેકટરી નામનુ ગ્રાહક નં.: ૩૫૫૦૧/૦૭૫૪૦/૭ એલ.ટી.એમ.ડી ટેરીફ મુજબ નુ વીજજોડાણ – શ્રી ભરતભાઈ કાચા દ્વારા ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ના નામની ભાગીદારી પેઢી ના માલીકો ને વેચાણ કરાયેલ હોય, સદર વીજ જોડાણ ને – ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ના નામે નામ બદલી કરવા માટે તા.૨૨–૧૨–૧૭ ના રોજ અત્રે ની કચેરી એ અરજી કરેલ છે. વધુમા પીજીવીસીએલ તરફથી જણાવાયેલ છે કે – તેઓ ના સદર જોડાણ નુ મીટર તા.૦૮–૦૯–૧૦ ના રોજ જુનાગઢ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. જે ઈલેકટ્રોનીક સર્કીટ બાબતે – વીજચોરી નો કેઈસ હોય – પીજીવીસીએલ તરફથી ગ્રાહક શ્રી ને રૂ.૧૬,૮૨,૫૦૯/૧૧ નુ પુરવણી બીલ અપાયેલ હતુ. સદર રકમ – અરજદાર દ્વારા – ૦૪ હપ્તામા ભરપાઈ કરી આપેલ હતી. પરંતુ, કમ્પાઉન્ડીગ ચાર્જ ની રકમ ભરપાઈ કરેલ ન હોય, અને અરજદાર શ્રી એ સદર બાબતે – પીજીવીસીએલ સામે – ૦૬/૨૦૧૪ થી દાવો દાખલ કરેલ છે. |

| | |
|---|---|
| ૨.૨ | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, સદર વીજ જોડાણ અંગે જુના ગ્રાહક ઉત્સ્વ જીનીંગ ફે... ખાતે ચાલુ છે. ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ – ગાંધીનગર ના પત્ર ક્રમાંક નં.: પીજીવી/૨૦૧૭/૫૮૮/૬૧ તા.૧૯–૦૪–૧૭ મુજબ, સદર કેઈસ મા – ઈલેક્ટ્રોસ્ટેટીક ડિવાઈસ દ્વારા કરવામા આવતી વીજચોરીના કિસ્સામાં – જુના અરજદાર દ્વારા. ઉત્સ્વ જીનીગ ફેકટરી કમ્પાઉન્ડીગ ચાર્જ ભરપાઈ કરેલ ન હોય, તે બાબત ની જાણકારી, તેમજ કમ્પાઉન્ડીગ ચાર્જ ભરપાઈ કરવા માટે ની અરજદાર ને પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા તા.૨૯–૦૯–૧૭ ના રોજ ના પત્ર દ્વારા જાણકારી અપાયેલ. |
| ૨.૩ | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા જણાવેલ કે – જો અરજદાર ગ્રાહક દ્વારા કમ્પાઉન્ડીગ ચાર્જ ની રકમ ભરપાઈ કરે અને અરજદાર દ્વારા પીજીવીસીએલ સામે કરવામા આવેલ દાવો નામદાર કોર્ટમાથી પાછો ખેચવામા આવે તો નામ બદલી અંગે ની આગળ ની કાર્યવાહી થઈ શકે. |

## : નિષ્કર્ષ :

**મુદ્દા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, તેઓનુ ઉત્સ્વ જીનીગ ફેકટરી નામનુ ગ્રાહક નં.: ૩૫૫૦૧/૦૭૫૪૦/૭ નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ – શ્રી ભરતભાઈ કાચા દ્વારા ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ના નામની ભાગીદારી પેઢી ના માલીકો ને વેચાણ કરાયેલ હોય, સદર વીજ જોડાણ ને – ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ના નામે નામ બદલી કરવા માટે તા.૨૨–૧૨–૧૭ ના રોજ અત્રે ની કચેરી એ અરજી કરેલ છે. વધુમા પીજીવીસીએલ તરફથી જણાવાયેલ છે કે – તેઓ ના સદર જોડાણ નુ મીટર તા.૦૮–૦૯–૧૦ ના રોજ જુનાગઢ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. જે ઈલેક્ટ્રોનીક સર્કીટ બાબતે – વીજચોરી નો કેઈસ હોય – પીજીવીસીએલ તરફથી ગ્રાહક શ્રી ને રૂ.૧૬,૮૨,૫૦૯/૧૧ નુ પુરવણી બીલ અપાયેલ હતુ. સદર રકમ અરજદાર દ્વારા ભરપાઈ કરી આપેલ હતી. પરંતુ, કમ્પાઉન્ડીગ ચાર્જ ની રકમ ભરપાઈ કરેલ ન હોય, અને અરજદાર શ્રી એ સદર બાબતે – પીજીવીસીએલ સામે – ૦૬/૨૦૧૪ થી દાવો દાખલ કરેલ છે. |
| ૩.૨ | જીઈઆરસી ના સ્લાય કોડ – નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૬ મા કરાયેલ જોગવાઈ ને આનુષાંગીક – ''Where the applicant has purchased or intends to purchase an existing property whose electricity connection has been disconnected, it shall be the applicant's duty to verify that the previous owner has paid all dues to the licensee and obtained a "no-dues certificate" from him. In case such "no-dues certificate" has not been obtained by the previous owner before change in ownership of property, the new owner may approach the licensee with details of previous connection for availinç such a certificate. The licensee shall acknowledge receipt of such request anc shall either intimate in writing the dues outstanding on the premises if any, or issu a "no-dues certificate" within 1 month from date of receipt of such application.'' અ મુદ્દા નં.૪.૩૦ મુજબ ની વિગતે ''An application for new connection, reconnection. additic or reduction of load, change of name or shifting of service line for any premis need not be entertained unless any dues relating to that premises or any dues the applicant to the Distribution Licensee in respect of any other servi connection held in his name anywhere in the jurisdiction of the Distributi Licensee have been cleared......'' આમ, સદર કેઈસ મા, જુના ગ્રાહક ઉત્સ્વ જીનીગ ફેકટરી : ફોજદારી કેઈસ ચાલુ હોય અને કમ્પાઉન્ડ ચાર્જ ની રકમ લેણી થતી હોય, સદર પીજીવીસીએલ ની કચેરી દ્વારા બદલી કરાયેલ નથી. જે નિયમાધીન રીતે યોગ્ય છે. અરજદાર દ્વારા જો પીજીવીસીએલ ની કચેરી મા – બાકી કમ્પાઉન્ડીગ ચાર્જ ની રકમ ભરપાઈ થયા બાદ, દ્વારા કમ્પાઉન્ડીગ ચાર્જ ની રકમ ભરપાઈ કરે અને અરજદાર પીજીવીસીએલ સામે કરવામા આવેલ દાવો નામદાર કોર્ટમાથી પાછો ખેચવામા આવે તેમજ અરજદાર શ્રી દ્વારા ર પીજીવીસીએલ ની કચેરી માથી – લેણી રકમ બાબત નુ ના–વાંધાજનક પ્રમાણપત્ર રજુ થયે, નામ બદલી અં આગળ ની કાર્યવાહી પીજીવીસીએલ ના નિયમ મુજબ કરવી. તેમ – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ છે. |

**મુદદા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.